॥ હરિ:ૐ ॥

# ચિદાકાશ

પૂજ્ય શ્રીમોટા
હરિ:ૐ
હરિ:ૐ આશ્રમ-સુરત

# ચિદાકાશ

રમેશ મ. ભટ્ટ

**પ્રકાશક** : મંગલમ્ પ્રકાશન વતી,
હિરેન ભટ્ટ
૩૨, પંચવટી, મણિનગર
અમદાવાદ-૩૮૦૦૦૮

© : **રમેશ મ. ભટ્ટ**

**આવૃત્તિ** : પ્રથમ માર્ચ-૧૯૮૩
**કિંમત** : બે રૂપિયા

**ટાઈટલ ડિઝાઈન** : મયૂર જાની

**મુદ્રક** : પ્રિમા પ્રિન્ટરી,
રિલીફ સિનેમા પાછળ,
પ્લાઝા હોટલ સામે,
અમદાવાદ.

## અર્પણ

ધર્મરસિક અને ભાવનાશાળી

આંખના સર્જન

**ડૉ. રમેશભાઈ જે. દેસાઈ**

ડી. ઓ. (લંડન)

**ડૉ. રોહિણીબહેન આર. દેસાઈ**

એમ.બી;બી.એસ. ને

**ઋણ સ્વીકાર :**

પ્રથમ ૬૭ વાર્તાલાપો 'આકાશવાણી' અમદાવાદ પર પ્રસારિત થયેલા અને છેલ્લાં બે વ્યાખ્યાનો અનુક્રમે જૈન યુવક સંઘ (મુંબઈ) પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તથા એના જ અભ્યાસવર્તુળમાં થયેલાં.

'આકાશવાણી' તથા જૈન યુવક સંઘનો આભાર માનું છું.

# (૧) જિજ્ઞાસા

ઊર્ધ્વજીવના અનુભવ માટે જીવનમાં ધ્યેય કાજે સતત જાગૃતિ અને પ્રત્યેક કર્મના હેતુની સભાનતા અનિવાર્ય છે. ધર્માચરણનો એ સાચો આરંભ છે. પ્રભુસેવાનું ખરું વિધાન એમાં રહેલું છે. એથી, જીવનની સાધનાનું એ પહેલું પગથિયું છે.

જીવનયમુનાના નીરનો પ્રવાહ જ્યારે અંતર્મુખ બને છે ત્યારે બાહ્ય વિશ્વમાં બનતી ઘટનાઓ પ્રત્યેના કૌતુકનો પ્રકાર બદલાય છે. એ સાથે જ વિચારો, વૃત્તિઓ, અહંકાર વગેરેનો પરિચય કરવાની પ્રવૃત્તિ આરંભાતાં આંતરમંથનનો પ્રકાર પણ બદલાય છે. આમ, અંતરતમને-પ્રેમસ્વરૂપ પરમ તત્ત્વને અનુભવવાની જાગૃતિભરી ગતિ સહેજ સંચાર કરાય છે. ત્યાં જ મંથનો એક સંગ્રામનું રૂપ ધારણ કરે છે. અને એ સંગ્રામની અનંતતાની ઝાંખી થાય છે.

માટે આવી બાહ્યાંતર ભૂમિકાઓને ઓળખવા, સમજવા, અને પ્રતિકૂળને સંગ્રામ આપવા માટે અનિવાર્ય છે જિજ્ઞાસા. જિજ્ઞાસા અંતરતમની-આત્માની અનંત શક્તિઓ પૈકીની

એક મહાન શક્તિ છે. એ પ્રશ્નોની જનની છે, પણ માત્ર કૌતુકો કે માહિતીની સખી નથી.

સંસારમાં બનતા રાજકિય કે સામાજિક બનાવોને જાણવા કે કો'ક વૈજ્ઞાનિક સિદ્ધિની નોંધ રાખવી-એ સામાન્ય રીતે ઓળખાતી જિજ્ઞાસાનું એક લક્ષણ છે. એથી, એ જ માત્ર જિજ્ઞાસાના શક્તિશાળી પૂર્ણરૂપનો આવિર્ભાવ ન મનાય. જિજ્ઞાસાનું પ્રારંભિકરૂપ ભલે આવાં કૌતુકરાગી લક્ષણો દ્વારા વ્યક્ત થતું હોય, પણ જિજ્ઞાસાનું સાચું રૂપ તો સ્વ-રૂપનો-પરમ પ્રેમતત્ત્વનો-પરિચય કરાવી આપે છે.

જિજ્ઞાસાશક્તિનો પ્રથમ આવિષ્કાર એક જ્યોતિરૂપે છે. મનુષ્યમાં અખંડ શાંતિ, આનંદ અને પ્રેમ માટે જે તૃષા જાગે છે એ જિજ્ઞાસાજ્યોતિના કાર્યનું પરિણામ છે. પણ મનુષ્ય પોતાના જન્મના હેતુને વીસરી જતો હોવાથી એ જ્યોત ઝંખવાઈ જાય છે. આનો અર્થ એમ નથી કે દિવ્યજીવને જાગૃત કરવા સંસારના પ્રશ્નોની ઉપેક્ષા કરવી, કોઈ પણ પરિસ્થિતિ, પરિબળ કે પ્રશ્નોની ઉપેક્ષા કરવાથી ઊફરા થવાતું નથી. જિજ્ઞાસા તો સંસારના પ્રશ્નોને તેના યથાતથ સ્વરૂપમાં સ્પષ્ટ કરી આપવામાં સહાય કરે છે. જગતમાંની ઘોર હિંસા, યુદ્ધો, હાલાકી, જુઠ્ઠાણું, પ્રપંચ, યાતનાઓ વગેરેના રહસ્યને જિજ્ઞાસા દ્વારા જ પામી શકાય છે.

પરંતુ શ્રેયાર્થી માટે તો જિજ્ઞાસા એના આંતર સ્વરૂપને ઓળખવા માટે છે. દિવ્યજીવન માટે મથનારે સૌથી પ્રથમ તો પોતામાં જ રહેલાં દ્વંદ્વોની સૃષ્ટિને નિહાળીને ઓળખી લેવાની છે. આથી, સ્નેહમય જીવનના ઝરણાને ખળખળ વહેતું કરવા ઝંખનારે જિજ્ઞાસાજ્યોત અવિરત સંકોર્યા કરવી પડે છે. જિજ્ઞાસાની એ જ્યોત મનના વિચારોના પ્રકારને અને એની તરંગલીલાને, પ્રાણની વૃત્તિઓની કક્ષાને અને એનાં આક્રમણોને તથા અહંકારની અનંત શિખરમાળાને દેખાડીને શ્રેયાર્થીને સતત જાગ્રત રહેવા સાવધ કરે છે.

આવી સાવધતા બક્ષનાર જિજ્ઞાસા મનુષ્ય જીવનની મોટી મિરાત છે. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ વગેરેના વિકાસના પ્રત્યેક તબક્કે જિજ્ઞાસાનું સ્વરૂપ પલટાતું રહે છે. જિજ્ઞાસા દ્વારા જ આપણાં આ અંતઃકરણો પોતાની શક્તિઓ પ્રગટ કરે છે. આથી, જિજ્ઞાસાને માત્ર જ્યોતરૂપે જ નવાજીને 'ઇતિસિદ્ધમ્' એમ માની લેવાથી જીવનનું અંતિમ ધ્યેય પામી શકાય નહિ. જો જીવનઝરણને પ્રેમસાગરનું રૂપ પામવું હશે તો જિજ્ઞાસાની જ્યોતને પ્રખર જ્વાળામુખી સમી ધગધગતી બનાવવી પડશે. આ જ્વાળામુખીનો ધગધગતો અગ્નિ ઘણી જ મલીનતાઓને

ભસ્મ કરી જીવનમાર્ગને અજવાળે છે. એ પછી બધા જ અવરોધો જીવનઝરણના વહેણમાંથી મધુર સંગીત રેલાવે છે! સંસારના તમામ પ્રશ્નોનું સમાધાન અંતરમાં સધાય છે.

આપણા જીવનને ઝળાંઝળાં કરવા જિજ્ઞાસાજ્યોતને પ્રગટાવીએ !

૧૯૭૫

# (૨) પ્રાર્થના

**અસતો મા સદ્‌ગમય । તમસો મા જ્યોતિર્ગમય ।**

પ્રાર્થનાના આ ઉદ્‌ગારોમાં ઊર્ધ્વજીવન માટેની તીવ્ર અભીપ્સા રહેલી છે. આપણું રોજિંદું જીવન માન્યતાઓ, સમજણો, ખ્યાલો, અભિપ્રાયો અને કલ્પનાઓ દ્વારા વહેતું હોય છે. આ બધું જ સાચું છે એમ માનીને આપણે આપણા વ્યવહારો ગોઠવીએ છીએ. એથી, જ આપણે જીવનમાં ન કલ્પી શકાય એવી સમસ્યાઓ અનુભવીએ છીએ, અને ગૂંચવાઈએ છીએ. પરંતુ, ખરી વાત એ છે કે આપણી માન્યતા કે અભિપ્રાયો પરમ સત્ય નથી. જ્યારે આ પ્રકારની સમજનો સ્વીકાર થાય ત્યારે એક પ્રકારના અંધકારનો, એક પ્રકારની મૂંઝવણનો આપણને અનુભવ થાય. આવી પળે જે પ્રાર્થનાના ઉદ્‌ગારો નીકળે એમાં આર્તતા આવતી હોય છે.

અસત્ય કે અંધકાર એના યથાર્થ સ્વરૂપમાં ઓળખવા મુશ્કેલ નથી. ખોટો રૂપિયો તો તરત જ પાછો ફરતો હોય છે. પણ અસત જ્યારે સતનો અંચળો ઓઢીને આપણા સ્વરૂપને કબજે કરે છે એ પળે જ ભારે મુશ્કેલી ઊભી થાય

છે. આપણે નિંદા સાંભળીએ છીએ ત્યારે એની વિરૂપતાનો આછો પરિચય આપણને થાય છે ખરો, પણ ખુશામતમાં છુપાયેલા વિષતત્ત્વને પારખવું મુશ્કેલ બને છે. સીતા સમક્ષ રાવણ ઓળખવો મુશ્કેલ નહોતો, પણ જ્યારે એણે પોતાના સ્વરૂને સાધુના વેશ હેઠળ છુપાવ્યું એથી સીતા છેતરાયાં. સીતા રાવણથી છેતરાયાં નથી, પણ સાધુવેષી છદ્મથી છેતરાયાં છે.

આથી, જેઓ ઉન્નત જીવન પ્રત્યે અભિમુખ બને છે, એમના જીવનમાં હરપળ આવી મૂંઝવણો-મુશ્કેલીઓ આવવાની જ. પરંતુ, જીવનના ધ્યેય પ્રત્યે એકાગ્રતા અને કેન્દ્રિતા હોય તેમ જ હેતુની સભાનતા સતત રહેતી હોય તો આવા છદ્મ રૂપોની પરખ થતી હોય છે.

પરમ સત્યને માર્ગે-પરમ પ્રેમના પંથે-જવામાં અવરોધક બનતું આ છદ્મવેષી તત્ત્વ માત્ર બહારના જગતામાં જ નથી. આપણી ધ્યેયલક્ષી લક્ષ્મણરેખામાંથી ઊંચકીને આપણને આસુરી સૃષ્ટિમાં લઈ જનારાં તત્ત્વો આપણી ભીતરમાં જ છે. આપણું મન આપણને ઊર્ધ્વજીવનથી વિમુખ બનાવવા અવનવી તર્કજાળ રચતું હોય છે. આપણી નિર્બળતાને છાવરવા માટે ચિત્તની સૃષ્ટિના કેટલાક વિચારો તત્ત્વજ્ઞાનનો સ્વાંગ સજતા હોય છે. ‘માણસ તો પ્રકૃતિનો

દાસ છે અને રહેવાનો જ.' 'જેના નસીબમાં જેમ લખ્યું હોય તેમ જ થાય-આપણે કશું કરવું નહિ.' 'ધાર્યું તો ભાઈ, ધણીનું જ થાય.' - આવાં આશ્વાસન વચનો કોઈ પ્રબળ પુરુષાર્થ કે પછી અંતરની ઊંડી અનુભૂત શ્રદ્ધામાંથી પ્રગટતાં નથી, માટે એ બધી આત્મવંચના છે. આથી, આપણામાંથી જન્મતી અને આસપાસ ચકરાવા લેતી સત્યાભાસી સૃષ્ટિને સમજી લેવા, ઓળખી લેવા ધ્યેયલક્ષી પુરુષાર્થ જારી રાખવો જોઈએ.

મતલબ કે માત્ર અસત્યો જ નહિ, પણ માની લીધેલાં આવાં બધાં સત્યોમાંથી બહાર નીકળવાનો પુરુષાર્થ કરવાનો છે. છદ્મરૂપોનો ઇન્કાર કરવાથી આવા પ્રકારનો પુરુષાર્થ સાધી શકાય. કેટલાંક મોહક અને લોભામણાં સત્યો આપણા જીવનપથના રક્ષક બનીને ગોઠવાયાં હોય એના સ્વાંગને ઓળખવા અને એમાંથી ઊગરવા આર્ત અને આર્દ્રભાવથી પ્રાર્થના કરવાની છે.

હૃદયની આર્તતાને આરતી સ્વરૂપે ગોઠવવાની છે અને પ્રત્યેક ક્ષણે એને ઘુમાવવાની છે. જીવનના વિકાસમાં પ્રત્યેક ક્ષણ એ અનંતની સંક્રાન્તિ સમાન હોય છે, આથી પ્રાર્થનામાં પણ અવિરતપણું પ્રગટવું જોઈએ.

૧૯૭૫

## (૩) 'ફેરો'

વિદેશ વિચરતા દીકરાને પિતા વહાલથી વિદાય આપે છે. પુત્ર ઉમળકાથી પિતાને કહે છે : 'પિતાજી, છેક જ અજાણ્યા મુલકમાં જાઉં છું. આપના આશીર્વાદ આપો.'

'દીકરા, મારા આશીર્વાદ તો સદા તારી સાથે જ છે. ત્યાં હરજે-ફરજે...મજા કરજે.. પણ એક વાત યાદ રાખજે, તારા હૈયા પાસે જ મેં મારું હૃદય મૂક્યું છે...એને યાદ કરજે.' પિતાએ વિદાયવચન આપ્યાં અને દીકરો પિતાથી દૂર થયો.

રોજ સવારે પિતાની સ્મૃતિ તાજી કરીને હૈયા પાસે રાખેલો પેલો પત્ર કાઢે છે. વાંચે છે... અને આનંદ પામે છે. પિતાએ આ જ ઉકેલવાનું કહ્યું છે. જ્યાં ફરું, જે કરું એમાં પત્રમાંના કથનના સંસ્કારની છાપ ઉપસાવવાની છે. આજે તો હું આખો દિવસ એ યાદ રાખીશ.

આમ દિવસો પસાર થાય છે. આખો દિવસ કર્મચક્રમાં પ્રાપ્તિના પ્રલોભનમાં પસાર થાય છે, ઘણું બધું મેળવાય છે. પણ પેલી વાત જે હૈયા પાસે સચવાયેલી છે એ સધાતી

નથી. દીકરો સવારે સંકલ્પ કરે છે અને રાત્રે વિમાસે છે. રાત્રિની વિમાસણ અને સવારના સંકલ્પ વચ્ચેનો સમય નિદ્રામાં વ્યતિત થાય છે. સવારના સંકલ્પ પછીના સમયવેગમાં પેલો સંકલ્પ વીસરાઈ જાય છે.

આમ કરતાં તો ઘેર પાછા ફરવાની વેળા થઈ. છેવટની ક્ષણ સુધી પેલો હૃદયસ્પર્શ ત્યાં જ ગોપાઈને રહ્યો. ન તો એને બધી જ ક્ષણ ખુલ્લો કરાયો કે ન તો એને ઉકેલાયો. વિદેશથી દીકરો દેશમાં પાછો ફર્યો. પિતાએ વહાલથી દીકરાને છાતી સરસો ચાંપ્યો અને માથે હાથ ફેરવ્યો. દીકરો કેટલું બધું ભરીને આવ્યો છે !

દીકરાએ લાચાર બનીને કહ્યું : ‘પિતાજી, ક્ષમા કરો. આપના આશીર્વાદ મારા હૃદયમાં હતા, હું એને રોજ સવારે ઉકેલીને જોતો હતો પણ કર્મના ચક્રમાં અને પ્રલોભનની ભીંસમાં હું એ આશિષ પામી શક્યો નથી કે વિસ્તારી શક્યો નથી. રોજ રાત્રે એનો પશ્ચાત્તાપ થાય. રોજ સવારે હું એ જોઉં...આપનું વહાલ...પણ હવે શું થશે ?...’

સંસારી પિતા તો કદાચ એટલું સહેલાઈથી કહી શકે નહિ. કે ‘દીકરા, વાંધો નહિ. એ જ કામ માટે તું બીજો ફેરો મારી આવ...’

પણ જગતપિતા તો એનાં સંતાનોને એમ જ કહે :

'વાંધો નહિ... ફરી વાર આંટો મારી આવ...'

આપણા હૃદયમાં એ પિતાના આશીર્વાદનું પાનું વળેલું પડેલું છે. આપણને પ્રભુએ એના જ સર્જેલા આ જગતામાં ફેરો મારવા મોકલ્યા છે. એની પરમ કરુણા છે કે આપણી એના પ્રેમ પરત્વેની અનંત વખતની વિસ્મૃતિ હોવા છતાં, ફરીને એની પ્રેમ સમૃદ્ધિની પ્રતીતિ કરાવવા, ઝાંખી આપવા, એના પ્રેમનો સ્પર્શ આપવા અને એમ કરતાં કરતાં એના વિશાળ વ્યાપક પ્રેમ હૃદયનો વારસો પામવા આપણને અહીં મોકલ્યા જ કરે છે.

અને આપણે આ વિદેશમાં આવીને રોજ સવારે એની પ્રેમ કરુણાનું સ્મરણ કરી, આપણા નિત્યના કાર્યમાં, આપણા રોજિંદા વ્યવહારમાં એનું જ વિસ્મરણ થવા દઈએ છીએ ! પરિણામે એણે જ સર્જેલા આ સંસારમાંથી આપણે ઘણું ભેગું કરતા હોવા છતાં આપણને ક્યાંય સંતોષ, શાંતિ, કે પ્રેમ અનુભવાતાં નથી.

પ્રભુએ સર્જેલો આ સંસાર એના જેટલો જ રહસ્યમય અને ગહન છે. કેમ કે એ એનું જ વ્યક્ત રૂપ છે. આપણે એને ઉકેલી શકીએ એટલા માટે આપણે અહીં ફેરો મારીએ છીએ. આપણા આ ફેરામાં વિચારવાની પ્રભુપિતાએ આપણને સંપૂર્ણ સ્વતંત્રતા આપી છે. વેપાર-ધંધો કરવાની

પણ છૂટ છે. કીર્તિ-લક્ષ્મી કે સત્તા મેળવવાની પણ અનુકૂળતાઓ છે. પણ આ વિશાળ સંસારમાં એની ઓળખ માટે આ બધું કરવાનું છે, અને એ કાર્યોમાંથી જ એને ઓળખવાનો છે.

જ્યારે આપણે તો હૃદયમાંનો એનો પ્રેમભાવ વાળી વીંટી રાખીને આ બધું ભેગું કરીએ છીએ ! હૈયાની ગઠડી છોડ્યા વિના, આશા, તૃષ્ણા, લોલુપતા, રાગ, દ્વેષ, કામ, ક્રોધ, આદિનાં પોટલાં ઊંચકીને અહીંથી ચાલીએ છીએ !

એટલે તો એ પ્રભુ પિતાની કરુણાથી જે કરવાનું છે તે કરવા 'ફેરો' ખાવો પડે છે !

૧૯૭૬

## (૪) ઘરે-બાહિરે

આ સંસારમાં આપણે આપણા ઘરમાં રહેવા આવ્યા છીએ. પણ આપણે તો ઘરની બહાર જ ફર્યા કરીએ છીએ.

એક વખત ઘર બહારની દુનિયા સાથેના મારા પરિચયની મસ્તીમાં હું રસ્તે ચાલ્યો જતો હતો. ત્યાં જ મેં પાછળથી મારા નામની બૂમ સાંભળી. હું પાછળ વળ્યો. તો મેં જોયું કે મારી પાછળ પાછળ ચાલી આવતી એક વ્યક્તિ પણ પાછા વળીને બૂમ પાડનારની સામે જોતી હતી. એણે બૂમ પાડનારને પૂછ્યું કે 'મને બોલાવ્યો ?' ત્યારે બોલવાનારે 'ના' કહી. મારો વારો આવ્યો ત્યારે મેં એ જ પ્રશ્ન પૂછ્યો. ત્યારે એણે ઈશારાથી જણાવ્યું કે મારી પાછળ ઊભેલાને એ બોલાવે છે !

મારી આગળ-પાછળની મધ્યમાં ઊભેલો હું કોઈનાય ઓળખાયા વિનાનો આગળ વધ્યો ! મને થયું કે જે નામનો પોકાર થયેલો એ મારું જ નામ હતું, પણ એ નામધારી હું એકલો ન હતો ! મતલબ કે આમેય હું એકલો નહોતો ! મારો 'હું' આમ રસ્તા પર વિસ્તરેલો હતો ! પણ ખરેખર

મધ્યમાં વ્યક્ત થયેલો 'હું' છું ક્યાં ? એવો એક મહાપ્રશ્ન મારા પોતાના ચિત્તમાં જાગ્યો.

એ પ્રશ્નજાગૃતિ મને છેક મારા ઘરના આંગણે લઈ ગઈ ! તો ત્યાં બારણાં બંધ હતાં. મેં બારણે ટકોરા માર્યા. પણ તરત બારણાં ખૂલ્યાં નહિ. પરંતુ અંદરથી પ્રશ્ન આવ્યો 'કોણ ?'

મેં ટૂંકો ઉત્તર આપ્યો : 'હું.' ત્યારે પહેલા પૂછાયેલા પ્રશ્ન આગળ 'હું' ઉમેરાઈને ફરી પૂછાયું 'હું' કોણ ?

જેને હું પરિચિત છું એવું હું માનું એ વ્યક્તિ પણ મને ઓળખી શકતી નથી-એવા ખ્યાલથી હું વિસ્મય પામ્યો ! ત્યાં ફરીથી અવાજ આવ્યો કે 'બારણાંને ધક્કો મારો... ખુલી જશે... એને વાસેલું રાખ્યું છે...બંધ કર્યું નથી !'

મેં બારણાંને સહેજ ધક્કેલ્યું અને બારણું ખુલી ગયું. હું તો ઉંબર પાસે ઊભો રહ્યો...મને પોતાને ઓળખા-વવાની વિમાસણમાં હું ઊભેલો હતો. ફરી અંદરથી કહેવામાં આવ્યું. 'બહાર ઊભા રહેશો તો કાંઈ સમજાશે નહિ... ઘરમાં આવી જાઓ...બધી સમજણ પડી જશે !'

ઘણી વાર ખૂબ સ્વાભાવિક રીતે બનતી આ ઘટના સંસારમાંના આપણા વ્યવહાર અને અભિગમ પરત્વે પ્રકાશ ફેંકનારી છે. આપણી સામાન્ય કે મુખ્ય પ્રવૃત્તિ ઘરની બહાર

હોય છે. આપણી સઘળી બહિર્મુખતા આપણને આપણા લક્ષ્યની બહાર ખેંચી જાય છે, ક્યારેક તો આપણા લક્ષ્યથી વિમુખ બનાવીને આપણને ઘુમાવ્યા કરે છે !

આપણે ઓળખાણો કરીએ છીએ-આપણી કીર્તિ વધારીએ છીએ ! સંપત્તિનું પ્રદર્શન ગોઠવીએ છીએ અને એમાં કૃતકૃત્યતા માણીએ છીએ ! આ બધું આપણે કઈ સમૃદ્ધિની વૃદ્ધિ ખાતર કરીએ છીએ ? એવો પ્રશ્ન જાગતાં આપણે જ્યારે અંતર્મુખ થઈએ છીએ ત્યારે એવો એક અણસાર આપણને મળે છે કે હૃદયના ખૂણામાં આપણા સ્વ-રૂપની સમૃદ્ધિ જાળવતું કશું અપૂર્વ સ્નેહબિંદુ રહેલું છે ! જે હુંકારનો પ્રસ્તાર આપણી આગળ પાછળ થતો માણીએ છીએ તેનું મૂળસ્રોત તો હૃદયમાં છેક ઊંડે ઊંડે પોતાનો પરિચય કરાવવા તત્પર બનેલું છે !

એનો પ્રશ્ન અને એનો આદેશ આપણે સાંભળીએ છીએ. આપણે જે રૂપે છીએ - એ રૂપે આપણને બહિર્મુખ બનીને નહિ ઓળખી શકીએ ! અને જો આપણી બહિર્મુખ વૃત્તિ-પ્રવૃત્તિમાં એ થવું શક્ય નથી તો પછી ઓળખાવાની તો સંભવના જ ક્યાંથી હોય ? એનો અર્થ એ નથી કે આપણે બહારનાં કશાં જ કામો કરવાનાં નથી. પરંતુ, આપણાં સઘળાં કાર્યો હૃદયલક્ષી-પેલાં સ્નેહબિંદુલક્ષી રહીને

આચરવાનાં છે ! તો જ આપણે સંસારમાં સતત ફરતાં હરતાં, ફરતાં-ચરતાં આપણા પોતાના જ ઘરમાં રહીને પેલી સ્નેહબિંદુ રૂપ ગૃહલક્ષ્મીને સ્નેહસિંધુની સમૃદ્ધિમાં પ્રગટાવી શકીશું.

એમ કરવા માટે આપણે જાતે જ હૃદયદ્વારને ધક્કો મારી ઉઘાડવા પડશે !

૧૯૭૬

# (૫) 'ગ્રહ' ત્યાગ

ગૃહત્યાગ નહિ-પણ ગ્રહત્યાગની આ વાત છે. સત્યને અનુભવવા માટે, વસ્તુની યથાર્થતા પામવા માટે, અને અનંતને આંબવા માટે સૌ પ્રથમ આપણે ગ્રહત્યાગ કરવો પડે છે.

એક વખત વહેલી પરોઢે છેક જ નિર્જન વિસ્તારમાં શહેરની સડક પર હું ચાલ્યો જતો હતો. વિશાળ અને દીર્ઘ માર્ગ પર હું એકલો આગળ વધતો હતો.

ત્યાં મારી પાછળ પાછળ કશુંક ઘસડાતું-ઘસાતું ઘસાતું આવી રહ્યું હોય એવો અવાજ મારે કાને પડ્યો. મારા મનમાં એ અવાજ કરનાર પદાર્થ વિશે એક પછી એક કલ્પનાઓ આવવા લાગી.

નિર્જન વિસ્તારની જે શાંતિનો આસ્વાદ લેતો હું ફરતો હતો, એમાં આ શું થયું ? હું સામે જોઈને આગળ વધતો હોવા છતાં થોડીક થોડીક વારે ખરરર...ખરરર અવાજ કરતા મારી પાછળ આવી રહેલા પદાર્થમાં મારું ચિત્ત ઘસડાતું હતું ! હું ગતિ વધારું તેમ એ પણ વેગથી મારી

પાછળ આવતો હતો ! મારી પ્રગતિ ગભરાટને લીધે હતી એ હું અનુભવી શકતો હતો, છતાં પાછા ફરીને પેલો અવાજ કરનાર પદાર્થ તરફ જોવાની હું હિંમત કરી શકતો ન હતો– કેમ કે ભીતિ જન્મેલી કે જે જીવસૃષ્ટિએ મારો પીછો પકડ્યો છે એ ઝેરી હોય, મને ડંખ મારી દે...તો પછી તો રોમ રોમ ઝેર પ્રસરે...પછી તો વગેરેની સૃષ્ટિ જીવંત બની ગઈ.

શીતળ અને વેગીલો વાયુ પણ મારા પ્રસ્વેદને સૂકવી શકતો નહોતો ! મારામાં જાગેલા દીર્ઘ શ્વાસોચ્છ્વાસને રોકીને પેલા અવાજ સાથે આવી રહેલી વસ્તુને જોવા હું અટક્યો અને પાછો ફર્યો.

અહા ! આ શું ? મેં જે દૃશ્ય જોયું એથી મારું હૈયું આનંદિત થઈ ઊઠ્યું ! પવન વૃક્ષના ખરેલા પાનને આંગળીથી પકડીને તેને સડક પર ચલાવી રહેલો ! ક્યારેક એને દોડાવતો હતો ! મારો ગભરાટ...મારો ભય... લોપાઈ ગયા.

પ્રસ્વેદને પવનનો સ્પર્શ થતાં મારું શરીર કશીક અપૂર્વ શીતળતા અનુભવતું હતું. મને થયું કે આ રસ્તા પર મને એકલું ન લાગે માટે તો ખરેલું પાન વિનયપૂર્વક નિરાડંબર બની, મારી ગતિને ચાતરીને આગળ નીકળી જવાની

સ્પર્ધાવૃત્તિ વિના, મારી પાછળ આવી રહેલું !

મેં એ પાંદડાને હાથમાં લઈ લીધું. પાનખરને લીધે વિખૂટું પડેલું એ પાંદડું અશોકવૃક્ષનું હતું ! અશોકવૃક્ષનું આસોપાલવનું એ પાંદડું કશાક અપૂર્વ સંસ્કારબળથી આનંદનું - શક્તિનું મુલાકાત-પત્તું-Visiting Card- બની ગયું.

અશોકવાટિકામાં જે અશોકવૃક્ષ પર બેસીને હનુમાને સીતાના ખોળામાં રામની વીંટી નાંખેલી ત્યારે ભગવતી સીતાના હૈયામાં કેવો અનુભવ થયો હશે ?

અંતર્મુખ વૃત્તિ પ્રવૃત્તિ આરંભતા આપણે ઘણા ગ્રહ છોડવા પડે છે. જ્યાં સુધી એ ગ્રહત્યાગ થતો નથી ત્યાં લગી આનંદનો સ્પર્શ પણ અનુભવાતો નથી. આપણી બહિર્મુખ-તાએ સંગ્રહ, પૂર્વગ્રહ, આગ્રહ, વિગ્રહ વધાર્યા છે. આ બધા ગ્રહોમાં પૂર્વગ્રહ એ વચલી સાંકળ બનીને આપણા હૃદયને આંટી રહ્યો છે.

વસ્તુ, વ્યક્તિ, વ્યવહાર પરત્વે આપણા પૂર્વગ્રહો હોય છે. એનાં રૂપો પણ અવનવાં હોય છે. કોઈ વસ્તુ વિશે આપણે પૂર્વગ્રહથી કે સંસ્કારબળથી જે વિચારીએ છીએ, કલ્પીએ છીએ એથી, આપણે વસ્તુનું યથાર્થ દર્શન કરી શકતાં નથી. એટલું જ નહિ, પણ આપણા અંતરના ભાવ

પણ, એ જ પૂર્વગ્રહને લીધે સંકળાયેલા અને ક્લેશકર બની રહેતા હોય છે.

આપણા અંતરના ઊંડાણમાં રહેલું સ્નેહ અને આનંદનું રૂપ આ પૂર્વગ્રહથી ગુંગળાઈ જાય છે, માટે સૌ સ્નેહ અને આનંદને પ્રગટ કરવા અને એનો વિસ્તાર કરવા માટે પ્રથમ પૂર્વગ્રહનો ત્યાગ કરવાનું કામ આપણે કરવાનું છે. એ પછી આગ્રહ જેવા બીજા ભ્રામક ગ્રહોનો વારો આવે.

ગૃહત્યાગ સહેલો છે, પણ ગ્રહત્યાગ અઘરો છે. પણ એ અશક્ય નથી. પૂર્વગ્રહના ત્યાગથી જ આપણે સ્નેહ અને આનંદનો સંસ્પર્શ માણી શકીએ છીએ.

૧૯૭૬

## (૬) પાઠશાળા અને પ્રયોગશાળા

આપણા યુગના એક વિરલ સંત પૂજ્ય શ્રીમોટાએ સંસારનું સ્વરૂપ સમજાવતાં કહ્યું છે કે 'સંસાર એ તો પ્રત્યક્ષ જીવનનો બોધપાઠ શીખવાની પાઠશાળા છે અને જીવન-વિકાસ કાજેની પ્રયોગશાળા છે.'

જે વ્યક્તિ જીવનને સમજવા ઇચ્છે છે અને પોતાના જીવનનો વિકાસ થાય એવી ઝંખના સેવવા માંગે છે એને માટે સંસારનું ચોક્કસ પ્રકારનું મહત્ત્વ છે. સંસારને લીધે આપણું પૃથ્વી પર અવતરવાનું શક્ય બન્યું છે. એથી, આપણા જીવનના સ્વરૂપને સમજવાનું શિક્ષણ આપણને અનેક પ્રકારના સાંસારિક સંબંધો અને વ્યવહારોમાંથી મળે છે. સંસારનું સ્વરૂપ દ્વંદ્વનું છે. એથી, સુખ અને દુઃખ, હર્ષ અને ક્લેશ બન્ને આપણે અનુભવીએ છીએ. સંસારમાંના આપણા આવા અનુભવમાંથી ચિરંજીવ સુખ અને નિરંતર આનંદની શોધ માટેનો તણખો મેળવીએ છીએ. સંસારમાં આપણે વિવિધ પ્રકારના સંઘર્ષો અને ઘર્ષણો દ્વારા આપણામાં રહેલા જુદા જુદા પ્રકારના ભય, મોહ-માયાની

વૈવિધ્યભરી છલનાસૃષ્ટિ, પ્રાણના-વૃત્તિના ઊંચા-નીચા આવેગોનું બળ તથા એ બળો આપણને કેવાં તાણી જાય છે અને પછાડે છે એના પ્રત્યક્ષ અનુભવ આપણને મળે છે.

જીવાતા જીવનમાંથી એટલે કે આ સંસારમાંના પ્રત્યક્ષ જીવનમાંથી આપણને હરપળે જે શિક્ષણ મળે છે એને આપણે યોગ્ય દૃષ્ટિ, વૃત્તિ અને વલણ રાખીને મેળવીએ તો આપણા માટે સંસાર પાઠશાળા છે. વર્ગમાં શિક્ષણનું કાર્ય ચાલતું હોય અને શિક્ષક તથા વિદ્યાર્થીઓ વર્ગ કાર્ય માટે પોતાનું દિલ પરોવતા હોય ત્યારે એ વર્ગ સ્વર્ગ સમાન બને છે. આ અર્થમાં આપણા જીવનની યથાર્થતાનું જ્ઞાન કરાવનાર સંસાર પણ પાઠશાળા બનીને સ્વર્ગીય સુખનો માર્ગ દર્શાવે છે. સંસારના આ શિક્ષણ હેતુની સમાનતાના અભાવે આપણે સંસારને નીંદવો ન જોઈએ અને એની ઉપેક્ષા પણ ન કરવી જોઈએ.

સંસારમાં આપણા પ્રત્યક્ષ જીવનનો આપણે બોધપાઠ મેળવીએ છીએ એ ઉપરાંત આપણું જીવન કેટલા પ્રમાણમાં વિકાસ પામ્યું છે, આપણા મનના વિચારો, આપણું ચિંતન, આપણા હૃદયના ઊર્ધ્વભાવો આપણા જીવનમાં કેટલા પ્રમાણમાં દૃઢ થઈ શક્યા છે - આપણે એને આપણા વ્યવહારમાં કેવી રીતે ચરિતાર્થ કરી શકીએ છીએ-એ જોવા

સમજવા અને અનુભવવાની શક્યતા પણ આ સંસારમાં જ છે. આપણા રાગદ્વેષ કેટલા પ્રમાણમાં મોળા પડ્યા-આપણામાં માનસિક અને હાર્દિક ઉદારતા અને ત્યાગ કેટલાં પ્રમાણમાં દૃઢ થયાં, આપણા હૃદયનો પ્રેમભાવ કેટલે અંશે નિર્વિકાર બન્યો-એ બધાંને આપણે સંસારને લીધે કહી શકીએ છીએ. સંસારને લીધે જીવનવિકાસ દૃઢ થાય છે. ભાવનાઓની પ્રાણપ્રતિષ્ઠા થાય છે.

આ દૃષ્ટિએ સંસારને એક પાઠશાળા અને પ્રયોગશાળા તરીકે સ્વીકારી જે એમાં સતત જાગ્રત રહીને જીવવાથી જીવનનો અર્થ સમજાય છે અને વિકાસ કરાય છે.

૧૯૭૯

□ □ □

# (૧) સિન્ધુનો સાદ

## ધન્ય જલબિંદુ :

પથ્થર-કાળજાને તોડીને પર્વતમાંથી એક ઝરણું ખળખળ વહે છે. અસંખ્ય જલબિંદુઓનો એ પ્રવાહ છે. એ જલરાશિએ વિરાટ સાગરનું આમંત્રણ સાંભળ્યું છે. એમાં એ લીન થવા વહ્યે જાય છે. આ દૃષ્ટિમાં જીવનની સંવેદના છે. માનવીનું જીવન જ આમ વહી રહે છે. એ પ્રવાહ અનાયાસે જ સમુદ્ર ભણી વહે છે. પણ બધા જ પ્રવાહો સમુદ્રને પામી શકતા ન પણ હોય ! પાછું પુનરુત્થાન થાય અને ગતિ આરંભાય ! આમ માનવજીવન વહ્યા જ કરે છે.

પરંતુ કો'ક જલબિંદુને એવી અનુભૂતિ થાય કે વિરાટ અનંત જલરાશિવાળા સાગર સુધી ઘસડાઈને જવાનું ? બિંદુ સ્વયમ્ એનો અંશ જ હોઉં તો હું એ પૂર્ણરૂપ કેમ ન અનુભવી શકું ? એ જલબિંદુએ સાગરના નાદને સાંભળ્યા-પરખ્યો-એણે પોતે જ સાગરની અનુભૂતિ માટે ઝંખના અનુભવી. માનવ-જીવનના સહજ પ્રવાહમાં જીવનના હેતુ વિશેનું જ્ઞાન કો'ક ધન્ય બનનારા જીવને થાય છે.

એક જર્મન વિચારકે છેલ્લી એક સદીમાં એક વિચાર એવો વહેવરાવ્યો કે આપણને આપણી ઈચ્છા વિરુદ્ધ અહીં મોકલાયા છે અને મરજી વિના જ આપણને અહીંથી ધક્કેલી દેવાશે ! આ વિચારે આપણા વિચારશીલ-સમાજમાં એક ક્ષોભ પેદા કર્યો છે. એક બાજુથી વિફલતા અને નૈરાશ્ય પેદા થયાં, તો બીજી બાજુએ જીવનની પ્રત્યેક ક્ષણમાં પ્રાપ્ત થતા સુખને ભોગવી લેવાની ઉતાવળ પ્રગટવા માંડી ! અલબત્ત, વૃત્તિને તત્કાળ ભોગવવાથી સુખાનંદ અનુભવાય છે ખરો; પણ એમાં આનંદનું અખંડિત સ્વરૂપ પ્રાપ્ત થતું નથી. એટલે સુખ કે આનંદની અપૂર્ણતા દ્વારા એ અપૂર્ણતા સાથે શક્યતા માનવજીવનનું મહત્ત્વ સ્પષ્ટ કરે છે ખરી.

**'How are you ?'**

આથી જીવન જે રીતે વહે છે તે રીતના જીવનનું નહિ પણ જે રીત દ્વારા જીવનના પરમ હેતુને-પરમાનંદના સાતત્યના અનુભવને પ્રાપ્ત કરવાના હેતુને - 'જીવન' એવું નામ અપાય એ યોગ્ય ગણાશે. જીવનના આવા ગહન તત્ત્વ પ્રત્યે આપણે જાગૃત રહી શકીએ એટલા માટે સામસામે મળતાં-આપણે એકબીજાને ખબર-અંતર પૂછીએ છીએ ! મતલબ કે અંતરની ખબર પૂછીએ છીએ 'કેમ છો ?'

'How are you ?' કોઈ આપણને એમ નથી પૂછતું કે 'Why are you ?' આપણે અહીં કેવી રીતે છીએ ? આપણાં અંતઃકરણો કેવાં છે ? 'કેનોપનિષદ'માં આવા જ પ્રશ્નોથી આત્મજ્ઞાન અપાયું છે ! માનવ-માનવ વચ્ચેના ઔપચારિક વ્યવહારમાં પણ કેવું જ્ઞાન છુપાયું છે !

એ જ્ઞાન-એ અવસ્થા આપણને જણાતી નથી કે અનુભવાતી નથી માટે એના અસ્તિત્વનો ઈન્કાર કરવા જેટલી મૂઢતા આપણામાં ન હોવી જોઈએ. આપણે જોઈએ છીએ કે સવારે સૂર્ય ઊગે છે અને સાંજે આથમી જાય છે. આમ આપણે જોઈએ છીએ પણ એ વાસ્તવિકતા નથી ! ખરી વાત તો પૃથ્વી ફરે છે એને લીધે આમ થાય છે. વિજ્ઞાને એ પુરવાર કરી આપ્યું છે ! પૃથ્વીને ફરતી જોઈ શક્તા નથી માટે વિજ્ઞાનના આ સત્યને આપણે ઈન્કારી કે અવગણી શકતા નથી.

**શ્રદ્ધાનું મૂળ :**

આત્મતત્ત્વમાં નિગૂઢ રહેલા પરમાનંદને અનુભવીને જીવનનું સાર્થક્ય માણનારાનાં નામ આ દેશના લોકોને આપવાના ન હોય, એ લોકોએ અનુભવ્યું કે અનુભવેલું કહ્યું એથી, એ માનવું કે સ્વીકારવું એ જ શ્રદ્ધા નથી.

આપણે ત્યાં શ્રદ્ધાનું એવું સ્વરૂપ કદી સ્વીકારાયું નથી. ઉપનિષદોમાં પ્રશ્નો દ્વારા જ ચર્ચા થાય છે ! પણ એ ચર્ચા આત્મતત્ત્વના અનુભવની મથામણમાંથી ધ્યેયની પ્રાપ્તિને કાજે થાય છે. માત્ર 'એકેડેમિક' ચર્ચા નથી ! ગીતામાં 'પરિપ્રશ્નેન સેવયા'ની પ્રક્રિયા સૂચવાઈ છે. નરેન્દ્રનાથ રામકૃષ્ણને સાધો જ પ્રશ્ન પૂછે છે. ધગધગતી જિજ્ઞાસામાંથી એ પ્રશ્ન આવ્યો છે ! તો એનો જવાબ અનુભૂતિ દ્વારા મળે છે. પરિણામે દેશને વિવેકાનંદ મળે છે. આથી, બુદ્ધની એક કથા દ્વારા સૂચવાય છે તેમ માત્ર સિસ્ટમ ઑફ લાઈફ નહિ, પણ વે ઑફ લાઈફ અગત્યની છે. જીવન વિકાસનો માર્ગ જ શ્રદ્ધાનું કારણ બની શકે.

પણ જે માર્ગ જોયો જ ન હોય, એના વિશે શ્રદ્ધા કેવી રીતે હોઈ શકે ? જીવનને પૂર્ણરૂપે-અખંડિત સ્વરૂપે અનુભવવા માટે સાધના જ એક માર્ગ છે, એ અનુભૂત સત્ આપણા સૌના હૈયાના આધારરૂપે રહેલું છે. અને એ સત્‌ને જે ધારણ કરે તે શ્રદ્ધા એવી વ્યાખ્યા સ્વીકારીએ તો શ્રદ્ધાનું સ્થાન ક્યાં છે એ સહેજે સમજી શકાશે. પૃથ્વી એની ધરી પર ફરે છે. આ ધરી દેખાતી નથી. કલ્પિત છે ! આ મેટરનું સાયન્સ પણ કલ્પનાની વાત કરે છે ! શેષના આધારે પૃથ્વી છે એ કલ્પના નથી. ખરો શેષ તો 'શૂન્ય' જ હોય ! સાચા ભાગાકારને યાદ કરો ! આ 'શૂન્ય'

અભાવાત્મક નથી. આ રીતે જે વિજ્ઞાનને માનવજાતના અનેક સંત-મહાત્માઓએ અનુભવ્યું છે એ વિજ્ઞાનના આધારમાં-મૂળ શ્રદ્ધાની આ શક્તિ રહેલી છે ! આ શ્રદ્ધા જ ભગવાનના દર્શન ભણી લઈ જાય છે.

**'દર્શન કરવાં' એટલે ?**

આપણે મંદિર વગેરે સ્થળે ભગવાનના દર્શન કરવા જઈએ એટલે શ્રદ્ધાવાન બની જતા નથી. કશું પણ કરવું નહિ. ડાહ્યા ડમરા હોવાનો દેખાવ કરો-ભગવાન સૌનું સારું કરશે એવી શ્રદ્ધા રાખો-આવી માન્યતા એ શ્રદ્ધાનું સાચું સ્વરૂપ નથી. ભગવાનનું દર્શન કરવું એટલે ઈશ્વરીય સામર્થ્યનો જીવનમાં અનુભવ કરવો. 'દર્શ'- 'ન' માત્ર આંખથી જો નહિ; અંતરમાં પામ. 'દર્શન'નો આવો અર્થ કરાય.

'આ કામ અઘરું છે' કહીને જો તે કામ ત્યજી દેવાયું હોત તો પૃથ્વી પર આજે જે કંઈ છે તે ન હોત ? માટે આપણે માત્ર મૃત્યુ તરફ જ ગતિ કરવા અહીં આવ્યા નથી; પણ જલબિંદુના કાનમાં કહેવાયેલું વિરાટસાગરના અનુભવનું આમંત્રણ લઈને, અને સૂર્યકિરણના સ્પર્શથી મુક્તક જેવા તેજસ્વી બનવાની શક્યતા લઈને આવ્યા છીએ. આ પૃથ્વી

ઉપર અનેક યાતનાઓ, મુશ્કેલીઓ, દુઃખો..વગેરે... આવા પરમ આનંદને અખંડિતરૂપે અનુભવવાની કિંમતરૂપે છે માનવજીવન પરના દુઃખોનો -કે કદાચ મૃત્યુનો પણ આ જ અર્થ કે ખુલાસો છે.

**શ્રદ્ધાનું સ્વરૂપ :**

માનવીના આવા જીવન માટે શ્રદ્ધા ક્યાં રહેલી છે ? એ કેવી રીતે કાર્ય કરે છે ? એ જોવા માટે શ્રદ્ધા વિશેના સામાન્ય ખ્યાલને ત્યજવો જ પડે. પંચતત્ત્વો તેમજ એની તન્માત્રાઓ માનવશરીરમાં છે. પણ વિકાસની પ્રક્રિયામાં મુકવા માટે માનવમાં આકાશતત્ત્વ મોખરે આવે તો જ એ તત્ત્વના ગુણધર્મો જેવા કે વિશાળતા-વ્યાપકતા વગેરેના અનુભવની શક્યતા ઊભી થાય. શ્રદ્ધા એવી શક્તિ છે જે હૃદયના ઊંડાણમાં રહી પ્રેમાનંદ અનુભવવા માટે ગતિ પ્રેરે છે. શ્રદ્ધાનું એ ખરું સ્વરૂપ છે. જીવનવિકાસના માર્ગે જેમ જેમ સત્ત્વગુણ મોખરે આવતાં રજસ્ તેમજ તમસ્ મોળાં પડે તેમ તેમાં શ્રદ્ધાનાં અવનવા રૂપોનો અનુભવ થવા માંડે છે. શ્રદ્ધાની શક્તિ માનવીને જીવનને વિકાસ માટે ગતિ કરાવે છે. આ પ્રકારની પ્રેરકતા ગતિશીલતા એ શ્રદ્ધાનું પ્રથમ નોંધપાત્ર લક્ષણ છે. જીવનવિકાસના માર્ગમાં માત્ર

આંતરિક અનુભૂતિ જ પર્યાપ્ત નથી. એ અનુભૂતિ-અનુભવ જીવનમાં પ્રાપ્ત થયેલા કર્મોમાં પ્રતિષ્ઠિત થવાં જોઈએ ! શ્રદ્ધાથી જેમ આંતરિક વિકાસ માટે ગતિશીલ થવાય છે તે જ પ્રમાણે શ્રદ્ધાથી જે તે ઊર્ધ્વ અનુભૂતિને ક્રિયાશીલ બનાવાય છે. શ્રદ્ધા કોઈને બેસાડી રાખતી નથી. એ સ્વયમ્ સક્રિય હોવાથી એ પ્રમાદ પ્રેરી શકે જ નહિ. કેટલાક લોક શ્રદ્ધાને 'અંધ' કહે છે કે શ્રી અરવિંદ આ માન્યતાનો ખુલાસો કરતાં કહે છે કે જીવનના ધ્યેયને પામવા સિવાયના અન્ય વલણો-આકર્ષણો-પ્રલોભનો પરત્વે જે અંધત્વ છે એવું ધ્યેય પરત્વેની એકાગ્રતા સિવાયમાં શ્રદ્ધાનું અંધત્વ છે.

આથી, જેવી શ્રદ્ધા હશે એવા આપણે થઈશું એમ કહેવું બરાબર નથી, એથી ઊલટું આપણે જેવા હોઈશું એવી આપણે માટે શ્રદ્ધા બનશે.

**શ્રદ્ધાની શક્તિ :**

જીવનના વિકાસક્રમમાં શ્રદ્ધાનું સ્વરૂપ અને ગતિ અવનવાં રૂપો ધારણ કરે છે. વિકાસમાં વેગ પ્રેરનારી અને અવનવાં સર્જન કરનારી શક્તિ એ શ્રદ્ધાનાં આવાં સ્વરૂપનો પરિચય પામવા માટેનો પ્રદેશ અધ્યાત્મનો છે. કેમ કે શ્રદ્ધા

આત્માની શક્તિ છે. માટે એ આત્માનુભવને માટે જ કાર્ય કરે છે. જીવનના વિકાસમાર્ગમાં ગતિશીલતા જ શ્રદ્ધા પ્રેરતી નથી. ઉપરાંત પ્રત્યક્ષ કક્ષાએ થતા અનુભવનું જ્ઞાન પ્રદાન કરે છે. શ્રદ્ધા વિચારશક્તિને કુંઠિત કરતી નથી, પણ વિચારને તર્કના માળખામાં ચકરાવાને બદલે પ્રજ્ઞાની અવસ્થામાં પ્રતિષ્ઠિત કરે છે. શ્રદ્ધા દ્વારા પ્રાપ્ત થતું જ્ઞાન અનુભવનું જ્ઞાન હોય છે. એ અનુભવ હૃદયનો અનુભવ હોય છે. એ અનુભવ કોઈ સ્થૂળ કરણ કે ઇન્દ્રિયનો નથી. શ્રદ્ધાની આવી જ્ઞાનશીલતા હોય છે.

જીવનના વિકાસ માર્ગે જનાર માનવીના જીવનની ગતિ સરળ નથી હોતી. હૃદયની અનંત કક્ષાઓમાં ઊંડે ઊંડે અનુભવવા ભાવને કાજે અનેક કસોટીઓમાંથી એને પસાર થવું પડવાનું છે. સંકલ્પ વિકલ્પ વિનાની મનની નીરવ અવસ્થા એક ભીષણ સૂનકારનો અનુભવ કરાવે છે. જીવન સૂક્કું અને વેરાન અનુભવાતું હોય છે. જીવનની આવી અવસ્થા-આ શૂન્યતા અભાવાત્મક નથી હોતી. છતાં એનો અનુભવ ભીષણ હોઈ શકે છે. આવે ટાણે આ માર્ગના પ્રવાસીને શ્રદ્ધા જ પાથેય પૂરું પાડે છે. શ્રદ્ધાથી ગતિ થાય છે અને અનુભૂતિથી શ્રદ્ધા દૃઢ થાય છે.

જીવનવિકાસના એક તબક્કામાં વેરાન અને સૂનકાર-

પૂર્ણ સ્થિતિમાં પણ એક ઊંડું દર્દ જન્મે છે. વેરાનમાં પણ વીરડી ફૂટે છે. દર્દભરી પ્રાર્થના જીવનવિકાસ માર્ગની આ અવસ્થામાંથી બહાર લાવે છે. આવી પળે શ્રદ્ધાનું સ્વરૂપ પલટાય છે. એક અપૂર્વ સામર્થ્ય ધરાવતી શક્તિરૂપ આ શ્રદ્ધા જીવનના ધ્યેય પ્રત્યે જીવનસાધકને લઈ જાય છે.

**બિન્દુનું સિન્ધુ રૂપ :**

પોતાના જ હૃદયમાં સર્વવ્યાપક સ્નેહને અનુભવવો છે. માટે હૃદયને આવા અનુભવ યોગ્ય બનાવતાં બનાવતાં જ્યારે એ પરમનો અનુભવ કરે છે તે પછી શ્રદ્ધા સ્વયમ્ સ્થળાતીત અને કાળાતીત બનીને ગૂઢ સક્રિયતા ધારણ કરે છે. આમેય વિકાસની પ્રક્રિયા તો અનંત છે.

વિકાસની સરાણે ચઢીને શ્રદ્ધાના આવા રૂપને પ્રાપ્ત કરેલ કો'ક વિરલ-વીર દેહધારી જ શ્રદ્ધાનો મહિમા પોતાની લાક્ષણિક સક્રિયતા દ્વારા સિદ્ધ કરતો હોય છે.

જે બિન્દુ સિન્ધુનો સાદ સાંભળીને-પારખીને-પછી રસ લગની-પુરુષાર્થ અને મથામણ દ્વારા શ્રદ્ધાની શક્તિ વડે એ સ્વયમ્ સિન્ધુરૂપ બની રહે છે ત્યારે માનવજાત પ્રત્યેના અકારણ-અકૃત્રિમ સ્નેહ વડે એ આનંદની પ્રતીતિ કરાવે છે.

('૭૩ ની પર્યુષણ વ્યાખ્યાનમાળાનું વ્યાખ્યાન)

# (૨) વર્તુળનું કેન્દ્ર

## કેન્દ્ર પર દિવ્યતા :

મારી સાધારણ યોગ્યતા તો આપ સૌની સાથે બેસવાની છે. છતાં આપ સૌએ મને આપની સામે બેસાડ્યો છે. પરિણામે વ્યવહારના અનેક પ્રશ્નો મારા મનમાં જાગે છે. આ અભ્યાસ-વર્તુળ છે. વર્તુળના પરિઘ પર આપણે બધાં છીએ. તો વર્તુળના કેન્દ્ર પર કોણ છે ? કેન્દ્ર પર શું છે ? કેન્દ્ર પર આપણા સર્વનું સ્વ-રૂપ-દિવ્ય અને ભવ્ય જીવન છે.

આમ તો આપણે જીવન-નિરપેક્ષ કશું જ કરતાં નથી. સરકાર, સમાજ, કાયદાઓ, રૂઢિઓ જો જીવનની ઉપેક્ષા કરતાં હોય છે અથવા તો જીવનને કચડતા હોય છે તો આપણામાં વિદ્રોહ જાગે છે. આવા સંજોગોમાં આપણે જીવન શબ્દને કયા અર્થમાં સમજીએ છીએ ? આપણા રોજિંદા વ્યવહારો દ્વારા વ્યક્ત થતા જીવનને આપણે જીવન તરીકે ઓળખીએ છીએ. રાજકિય, સામાજિક કે અન્ય પરિબળોનો આપણે સ્વીકાર કરીએ છીએ-અને એની અસર

આપણા રોજિંદા વ્યવહારમાં અનુભવીએ છીએ. આમ છતાં આપણને આ પ્રકારના જીવનથી સંતોષ નથી. આપણે વસ્તુ નિરપેક્ષ આનંદ માણી શકતા નથી. આથી, આપણે આપણા જીવન માટે આ પરિબળોની સાથે સાથે જીવન વિશેના કશાક ઉચ્ચ-ઊર્ધ્વ ખ્યાલનું અવલંબન લેતા હોઈએ છીએ. એવા હેતુથી તો આપણે વર્તુળ ઉપસાવતા રહીએ છીએ. વર્તુળ વિસ્તારતા રહીએ છીએ. આપણા સર્વ વ્યવહારો દ્વારા આપણું બાહ્યજીવન ચારે બાજુ વિસ્તરે છે પણ એ વિસ્તારનું કેન્દ્ર-આપણા વર્તુળના પરિઘનું કેન્દ્ર-ઊર્ધ્વજીવન માટેની અભીપ્સામાં રહેલું છે. ખરેખર તો ઊર્ધ્વજીવન-દિવ્ય-જીવન એ જ કેન્દ્રમાં હોય છે.

**વ્યક્ત જીવન :**

આપણું આ જે વ્યક્ત જીવન છે, એટલું જ અને એ જ માત્ર જીવન નથી; પણ એ આપણા સર્વના આત્મરૂપ કેન્દ્રસ્થ દિવ્યજીવનનું વ્યક્ત રૂપ છે. પરંતુ આપણા આ વ્યક્ત જીવનનું એ અવ્યક્ત તત્ત્વ છે. એ જ આપણું સ્વ-રૂપ છે. ભૂમિતિની પરિભાષા વાપરીને આ વાતને સ્પષ્ટ કરવા મથું : વર્તુળ-મધ્ય બિન્દુ કેન્દ્ર વિના સંભવી શકતું નથી. મધ્ય બિન્દુ ભલે અગોચર રહ્યું. પણ વર્તુળને, વર્તુળરૂપે

ઓળખવા માટે કેન્દ્રનો સ્વીકાર કરવો જ રહ્યો. વર્તુળનો પરિઘ વિસ્તાર પણ પામે અને દ્રષ્ટિગોચર પણ રહે. એ એનો ગુણધર્મ છે. જ્યારે કેન્દ્રનો ગુણધર્મ જ અવ્યક્ત રહેવાનો છે. વર્તુળનો પરિઘ વિસ્તરતો હોય ત્યારે કેન્દ્રને અવગણીને વિસ્તરતી રેખાવાળી આકૃતિને વર્તુળ નહિ,પણ શૂન્ય કહેવાય. આવું જ આપણા જીવનનું છે. જ્યારે બાહ્ય જીવનવ્યવહાર આત્મકેન્દ્રો બનીને વિસ્તરતો હોય છે ત્યારે એ વિસ્તરવાની ક્રિયા પોતે જ વિકાસ બનતી હોય છે.

આ વિચાર તાત્ત્વિક છે. આપણે આપણા વ્યવહારમાં એની ઉપેક્ષા કરી શકીએ નહિ. આપણે જે અભ્યાસ વર્તુળ યોજ્યું છે એના પ્રયોજનના મૂળમાં પણ આ વસ્તુ-વિચારના તત્ત્વનો સ્વીકાર કર્યો છે. એ યોગ્ય જ થયું છે. આપણા આધુનિક વિચારક બર્ટ્રાન્ડ રસેલે તત્ત્વજ્ઞાનના સૈદ્ધાન્તિક અને વ્યવહારિક એમ બન્ને ધ્યેયો દર્શાવ્યા છે. અને આ તત્ત્વજ્ઞાનના વ્યવહારિક ધ્યેયને આપણી સર્વ પ્રવૃત્તિનું કેન્દ્ર બનાવવાની આવશ્યકતા પર એમણે ભાર મૂક્યો છે. Philosophy has both-theoretical and a Practical aim. It is now time to consider the later. (Unpopular Essays-P. 34). આથી જીવન વિશેની વિચારણાના આ અભિગમને સ્વીકાર્યો છે.

**જીવનની વિલક્ષણતા :**

આપણા વ્યક્ત જીવનની એક વિલક્ષણતા છે. એ આદિમાં અવ્યક્ત છે. અને એના વિકાસની પ્રક્રિયામાં એ અનંત છે. આપણે અવ્યક્ત અને અનંતની વચ્ચે વ્યક્ત જીવનરૂપ ધારણ કર્યું છે. આપણા જીવનમાં આપણે કર્મો દ્વારા વ્યક્ત થતા હોઈએ છીએ. આપણે આપણું કામ ગોઠવીએ છીએ, કરીએ છીએ અને એટલી ક્ષણો પૂરતો કર્મ આચર્યાનો સંતોષ માણી લઈએ છીએ. તેમ છતાં પણ આપણું અંતર પરિતોષ અનુભવતું નથી. કેમ કે બધું જ કામ કર્યું હોવા છતાં, બધું જ ગોઠવેલું હોવા છતાં આપણે પોતે જ આપણા આત્મરૂપ સાથે ગોઠવાઈ શક્યા નથી. આપણે આત્મલક્ષી બન્યા વિના-આત્મલક્ષી રહ્યા વિના જ વર્તીએ છીએ-એવી હકીકત પ્રત્યે આપણે જ્યારે સભાન બનીએ છીએ, ત્યારે આપણને આપણા વ્યવહારમાં પ્રશ્નો જાગે છે. આપણે આપણા આંતર-જીવનના મૂળતત્ત્વ-આત્મ-તત્ત્વ સાથે અનુસંધાન કરવા મથીએ છીએ. એ મથામણ પોતે જ એક સમસ્યા બની જાય છે.

**મોટો પ્રશ્ન :**

હું રોજિંદા કામોની યાદી બનાવી એક પછી એક કામ સમેટી

લઉં છું. આજે મારે અહીં બોલવાનું છે એ કામ પૂરું થાય પછી મિત્રો-મુરબ્બીઓ સાથે મળવા હળવાનું છે. બે પાંચ પુસ્તકોમાંથી વાંચીને વિચારેલું બોલીને હું પહેલું કામ પાર પાડીશ. ખુશી-સમાચાર પૂછવાની ચેષ્ટા કરીને મળવાનું કામ પણ પૂરું થશે. પણ શા માટે હું બોલવાનું સ્વીકારું છું ? સૌને મળવા હળવાની પ્રવૃત્તિ હું કેવી રીતે કરું છું? આ વક્તવ્ય રજૂ કરતાં કરતાં અને આ દાખલો આપતાં પણ હું Self Projection પરત્વે કેટલે અંશે સભાન છું ? સભાન રહી શક્યો છું ? સમજ અને નમ્રતાને આડકતરી રીતે વ્યક્ત કરીને મારા અહંકારને વધારીને વિકૃત તો નથી કરી રહ્યોને ? આવા બીજા પ્રકારના વિચારો પોતે જ પ્રશ્નો ઊભા કરે છે.

**પ્રેરણાનું મૂળ :**

આજનો વિષય મને શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના પ્રથમ અધ્યાય અને બીજા અધ્યયાયના પૂર્વાર્ધમાંથી સ્ફૂર્યો છે. જ્યારે અર્જુન કુરુક્ષેત્રના મેદાનમાં બે સેનાઓની મધ્યમાં આવીને ઊભો રહે છે ત્યારે એના અંતરમાં મૂળગામી સમસ્યા અને તાત્કાલીન પ્રશ્નો વચ્ચેનો વિવેક કરવાનો પ્રસંગ ઊભો થાય છે. જે કુરુક્ષેત્રના મેદાન પર ભીષણ

સંહારક સંગ્રામ ખેલવાનો છે ત્યાં એક વીર યોદ્ધાની અંતરભૂમિ પર એક અગોચર સંગ્રામ જાગે છે. સ્વરૂપ નીરખવા મથનાર માટે આવો સંગ્રામ અનિવાર્ય છે. આત્મરૂપ નીરખવાનું શિક્ષણ આરંભાય એ પહેલાં પ્રાકૃતિક વલણોને લીધે વિષાદ જાગે છે. અહીં વિષાદ એ નિરાશાના પર્યાય તરીકે નથી એ ખાસ નોંધપાત્ર છે. કેમ કે નિરાશા તો જીવનના સર્વ ક્ષેત્રોમાં પ્રસરીને જીવનને શૂન્ય કરી દે છે. નિરાશામાં જ્ઞાન માટેની યોગ્ય ભૂમિકા સંભવી શકતી નથી. જ્યારે વિષાદ અંતઃકરણનું મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌નું શોધન કરે છે. અને જીવનના વિકાસ માટેના જ્ઞાનના અનુભવ માટેની સમજને યોગ્ય કરે છે.

**'નીરખ' :**

તો આત્મરૂપને નીરખવું એ આપણી સમસ્યા-આપણો એ Problem છે. સમસ્યાનું લક્ષણ એની ગહનતા અને સૂક્ષ્મતામાં છે. સમસ્યા ઉકલી જ જાય એથી જ બધું સિદ્ધ થયું છે એટલું માનવું પર્યાપ્ત નથી. સમસ્યાના રૂપલક્ષણને સમજી શકાય તોય એક નોંધપાત્ર કામ થતું હોય છે. સમસ્યા પ્રત્યે અભિમુખ થઈને એને સમજવા માટે સક્રિય તો થવું જ રહ્યું. મેં ઈરાદાપૂર્વક 'નીરખવું' શબ્દ વાપર્યો છે.

એમાં આંખેથી જોવાની ક્રિયા નથી. આત્મરૂપના સાક્ષાત્કાર પછીના અનુભવને વાણીમાં ઊતારતાં નરસિંહે ગાયેલું કે, 'નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો- 'તે જ હું' તે જ હું શબ્દ બોલે !' આમાં નીરખવાની વાત જે અર્થમાં થઈ એ અર્થમાં આપણે આ શબ્દને ઓળખવાનો છે.

આત્મરૂપને નીરખવું એ જ ખરું શિક્ષણ હોય તો એ માટેનો અભ્યાસક્રમ કયો ? આપણે એ માટેના સ્વાધ્યાય માટે કેટલો સમય આપી શકીએ ? આવા પ્રશ્નો પણ ઉપસ્થિત થાય. શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં 'અભ્યાસ' શબ્દને 'સતત' શબ્દથી વિશેષ્યો છે. એટલે આ નિરીક્ષણકાર્ય માટે કોઈ અભ્યાસક્રમ નથી; પણ સતત અભ્યાસ છે. કેમ કે જીવન અનંત છે, એને માટેનો આપણો અભ્યાસ પણ સતત ન બને ત્યાં સુધી આત્મસ્થ-કેન્દ્રસ્થ દિવ્યજીવન નીરખાય નહિ. આ તો eternity માટેનો ઉપક્રમ છે. આ માટેનો અભ્યાસ આપણા અવિરત પુરુષાર્થનો કાર્યક્રમ બની રહે છે. યોગાનુયોગે આપણે પણ આ 'વર્તુળ' ને 'અભ્યાસ' શબ્દથી વિશેષ્યું છે. આજની ક્ષણે તો સામુહિક સ્વાધ્યાય એક મહિના લગીની બાકીની ક્ષણો માટે અભ્યાસ બની રહેતો હોય છે. Follow-up તો થવું જ જોઈએને ?

**પ્રશ્નો :**

આત્મરૂપને નીરખવાની પ્રક્રિયાની સમસ્યાથી અભ્યાસ થાય છે. એથી આપણા રોજિંદા વ્યવહારમાં પણ ઘણા પ્રશ્નો ઊભા થાય છે. પહેલાં કદી પણ નહોતા થતા એવા પ્રશ્નો ઊભા થાય છે. કેમ કે આપણને આપણા પ્રાકૃતિક ગુણધર્મોની પ્રતીતિ થવા માંડે છે. આપણા વ્યવહારમાં આપણા રાગદ્વેષ,લોભ, ક્રોધ, મોહ, કામ અને અહંકારાદિ ઓળખાય છે. આપણા વ્યવહારમાંનો આપણો દંભ, છલના, કુટિલતા આદિ તત્ત્વો પ્રકાશિત થવા માંડે છે. બધાં વલણો આપણી જીવન રચના સામે પ્રશ્નો બનીને ઊભા રહે છે. આવી ક્ષણે આપણે જો આપણા પ્રત્યે તિરસ્કાર કે ઘૃણા અનુભવીએ તો ભારે ગોટાળો થવાનો. કેમ કે આત્મરૂપ સુધી પહોંચવા માટે આ બધાંને યથાર્થ રૂપલક્ષણથી પૂરેપૂરાં ઓળખવાં એ અનિવાર્ય છે. એમ થઈ શકે તો જ આપણે આપણા સ્વરૂપને આંતરની સમસ્યાઓના બાહ્યરૂપને અને એની આંતર તાકાતને પામી શકવાના.

આપણે વસ્તુ, વ્યક્તિ, વિચાર કે વૃત્તિનું નિરીક્ષણ નિરપેક્ષ રીતે કરી શકતા નથી એટલે આપણા જીવન-વ્યવહારમાં પ્રશ્નો ઊભા થાય છે. આપણે આપણા ખ્યાલો,

મંતવ્યો, આગ્રહો અને પૂર્વગ્રહો સાચવી રાખીને વ્યવહાર યોજીએ છીએ. એટલે જીવનવ્યવહારમાં દિવ્યજીવનની શક્યતાને નીરખી શકતા નથી. વ્યવહારમાં દરેક વ્યક્તિની જીવનરીત તો ભિન્ન રહેવાની જ. પણ એ ભિન્નતા એક બીજા સામે વિરોધ દર્શાવનારી નથી. એટલા માટે નિરપેક્ષ નિરીક્ષણ કરતાં ઘણો જ વિવેક રાખવો પડે છે. આપણે નિરપેક્ષ નિરીક્ષણ કરતાં નિરીક્ષણ અને નિરીક્ષક વચ્ચે જ્યારે ભેદ કરીએ ત્યારે આપણામાં આંતરિક સંઘર્ષ જાગે છે. એ સંઘર્ષને જ્યારે આપણે અંતરમાં સમજીએ છીએ ત્યારે જીવન જીવવાની આપણી રીતિ પણ બદલાતી જાય છે. આ કાંઈ જેવી તેવી રૂપાંતર-ક્રાન્તિ નથી !

**પૃથ્થક્કરણ :**

નિરીક્ષણ સાથે પૃથક્કરણની ક્રિયાને અનિવાર્ય સંબંધ છે કોઈ પણ વિષયને એના યથાર્થરૂપમાં નીરખવા માટે આવા પૃથકતત્ત્વને પ્રવેશ આપવો એમાં પણ ઘણો જ સૂક્ષ્મ વિવેક જરૂરી છે. શ્રી કૃષ્ણમૂર્તિ કહે છે કે, Only analysis is never complete. The negation of that incomplete action is total action. માત્ર પ્રકૃતિથી પ્રેરાયેલું જે કાર્ય છે એ અધૂરું છે. જે આત્મલક્ષી બની શકતું નથી એનો ઈન્કાર કરવાનું

કામ પૃથક્કરણની આ શૈક્ષણિક પ્રક્રિયા દ્વારા કરવાનું છે. શ્રી અરવિંદ દીવ્યજીવન માટેની અભીપ્સા પછીના એક આવશ્યક અને મહત્ત્વના પગલાં તરીકે 'ઈન્કાર'નો પુરસ્કાર કરે છે. આપણાં રાગ-દ્વેષ, પૂર્વગ્રહો, મડાગાંઠો, મંત્વયો, આગ્રહો વગેરેનો ઈન્કાર કરવાનો છે. પ્રાકૃતિક ગુણધર્મોના નિંદામણનું કાર્ય આત્મરૂપ પામવા માટે એક પ્રકારનું total action છે. આ પણ એક અવસ્થા છે. કેમ કે આ પ્રકારના પૃથક્કરણને અંતે પ્રાપ્ત થતું પરિણામ પાછું અનંત પરિણામધારી હોઈ શકે. એનુંય પાછું પૃથક્કરણ કરવાનું હોય છે. આવી પ્રક્રિયા દ્વારા આપણે આત્મરૂપ તરફ ગતિ કરીએ છીએ.

**રૂપાંતર :**

અહીં આપણને પ્રશ્ન ઉદ્ભવે કે, આમ કરવાથી સંસારના પ્રશ્નોનું સમાધાન કેવી રીતે થશે ! પણ આપણે જેને 'સંસાર' કહીએ છીએ એ આપણાથી પૃથક નથી. એથી ઊલટું એ આપણે લીધે છે. જીવવા માટે આપણે ધન-સંપત્તિની જેટલા પ્રમાણમાં કાળજી રાખીએ છીએ એટલા પ્રમાણમાં પણ જે પ્રકારના જીવન ખાતર આપણે જીવવા માગીએ છીએ એ બાબતમાં કાળજી રાખતા નથી. આપણે

આંતર રૂપાનુંસંધાન માટે જે રૂપાંતર સાધીશું એ સાથે બાહ્ય રૂપાંતર થવાનું છે. સદંતર બાહ્ય રૂપાંતર વારા ફરતી થતું નથી. આંતર રૂપાંતર એ જ બાહ્ય રૂપાંતર બની રહે છે. આજ સુધી આપણે બાહ્ય રૂપાંતર લાવવાના જ પ્રયાસો કર્યા છે, પરિણામે જગતમાં અંધાધૂંધી ફેલાઈ છે.

આ કામ તત્કાળ જ થવું જોઈએ. ભૂખ્યા માણસોને વાનગીની યાદી કે ભોજન બનાવવાની રીત જાણવાની જરૂર નથી. એને તો ખાવાનું જ જોઈએ છે, પણ આવી ભૂખ લાગવી જોઈએ ! વસ્તુને આપણે યથાર્થસ્વરૂપે સતસ્વરૂપે જોતા નથી માટે જ એને સમજાવવાની જરૂર પડે છે-વિચારો માટે પણ આવું જ કંઈક કરીએ છીએ. પ્રશ્નો ખુલાસાઓ બધું આમાંથી જન્મે છે. યથાર્થતાના અનુભવને-સત્યની પ્રતીતિને શબ્દોની જરૂર હોતી નથી. મને તો આ બધા જ શબ્દો મૌનના આશ્રયે ઊભા થયેલા લાગે છે. માટે વિચારને કે વસ્તુતત્ત્વને યથાર્થ સ્વરૂપે નીરખવા આપણે દરેકે પોતાની રીતે ગંભીર થવું પડશે. અને માત્ર આત્મલક્ષી થવાથી જ ગંભીર થઈ શકાય છે.

પંદર મિનિટનું વ્યાખ્યાન પણ હવે તો મૌનદ્વારા જ થાય એવું બનશે ત્યારે આભારવચનોને જગા ક્યાં હશે ?

૧૯૭૬

□ □ □

# ચિદાકાશ

**‘કલ્યાણકારક પુસ્તક’**

સામાન્યમાં અસામાન્ય જુએ એ કલાકાર.
પછી ચિત્રકાર હશે તો ચિત્ર દ્વારા,
કવિ હશે તો કવિતા દ્વારા,
ચિંતક હશે તો ચિંતન દ્વારા,
સાધક હશે તો સાધના દ્વારા એ અસામાન્યતા વ્યક્ત કરે છે.
એમાં કલા છે, જીવનકલા છે.
એ દૃષ્ટિ આ પાનાઓમાં છે.
ગ્રહત્યાગનો પ્રસંગ જુઓ-મને એ વિશેષ ગમ્યો.
સસ્તું પાંદડું બધા જુએ છે,
એમાં કુદરતનું મુલાકાત-પત્તું આ લેખક જુએ છે,
ને એમાં ‘ગ્રહત્યાગ’નો દૂરગામી પાઠ વાંચે છે.
એ દૃષ્ટિ ઉપકારક છે.
માટે આ પુસ્તક કલ્યાણકારક છે.

- ફાધર વાલેસ
તા. ૧-૩-૮૩